

With best compliments from
સમગ્ર અમદાવાદના
પ્રેક્ષકોની મનોરંજન પ્રાપ્તિની અદ્યતન વૈભવી અને રાજવી સુવિધાઓ સાકાર કરે છે.
DEVI
the magic of movies
DEVI multiplex
બેઠકની સામે, નરોડા,
ફોન. ૨૮૧૦૮૩૫, ૨૮૪૧૩૮૬
ડિફાયત દરે
ફૂડ વર્લ્ડ (પ્રવેશ વિના મૂલ્યે)
ગેમીંગ વર્લ્ડ (પ્રવેશ વિના મૂલ્યે)
ભૂલકાઓ માટે કીડ્સ વર્લ્ડ (પ્રવેશ વિના મૂલ્યે)
ગુજરાતમાં સૌપ્રથમ
મલ્ટીપ્લેક્ષમાં લેસર શો
દેવી મલ્ટીપ્લેક્ષ
સ્ક્રીન - ૧
સ્ક્રીન - ૨
સ્ક્રીન - ૩
સ્ક્રીન ૧ અને ૨
ગોલ્ડ રૂા. ૫૦/
પ્લેટિનમ રૂા. ૭૦/
સ્ક્રીન ૩
સિલ્વર રૂા. ૪૦/
ગોલ્ડ રૂા. ૬૦/
પ્લેટિનમ રૂા. ૮૦/
JBL
dts
Dolby
ULTRA HIGH TECH SOUND
સિનેમા

# દર્દીઓના તારણહાર



## સ્વ. શેઠશ્રી ચંદુલાલ મોહનલાલ શાહ

સાગર રત્નો સંઘરતો નથી, નદી પાણી પી જતી નથી, વૃક્ષો ફળ આરોગતા નથી, મેઘ જળનો સંગ્રહ કરતો નથી, પ્રકૃતિનો આ બોધપાઠ જીવનમાં ઉતારનાર અને એ રીતે અન્યને એવું પરોપકારી જીવન જીવવાની સતત પ્રેરણા આપનાર પુણ્યશ્લોક સ્વ. શેઠ શ્રી ચંદુલાલ મોહનલાલ શાહ ''આપો અને પામશો'' એવા જીવનસૂત્રના નિષ્ઠાવાન અનુયાયી હતા.

એમની પાસે બે આવડત હતી - સંપત્તિ કેમ સંપન્ન કરવી અને સંપત્તિનો-લક્ષ્મીનો કેમ સદુપયોગ કરવો. સંપત્તિનો સદુપયોગ કરવાથી સંપત્તિમાં સતત વધારો થાય એમ એમની દાનની ગંગા ભરપુર રીતે વિવિધ ક્ષેત્રોમાં-મુખ્યત્વે દીનદુઃખીજનોની સહાય માટે સદાય વહેતી રહી. લક્ષ્મી સંઘરવાથી નહીં પણ સદુપયોગથી વધ્યા કરે છે એનું તેઓનો પુરુષાર્થ ઉત્તમ દૃષ્ટાંત છે.

અન્ય સંસ્થાઓ અને વ્યક્તિઓની માફક તેઓ **સત્પથ ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ વડોદરા**ને ધર્મપિતાની માફક, એની સ્થાપના થઇ ત્યારથી નિયમિત રીતે તન, મન, ધનથી સહાય કરતા રહ્યા. એમના આ સેવાકાર્યમાં એમના ધર્મપત્ની પૂજ્ય શાંતાબહેન એમના જમણા હાથ બની રહ્યા. એમના સુપુત્રો હરીશભાઇ, વિજયભાઇ, યોગેશભાઇ સંસ્કારી, સેવાભાવી સુપુત્રોએ પિતાના અવસાન પછી પણ આપેલ વચન અનુસાર પિતાના પનોતે પગલે ચાલી **સત્પથ ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ વડોદરા**ને નિયમિત રીતે ઉદારદિલથી દાન કરવાનું તથા સમાજની તન, મન, ધનથી સેવા કરવાનું ચાલુ રાખ્યું છે. જીવન કેમ જીવવું એનું ઉજ્જવળ દૃષ્ટાંત એટલે આ ''શાહ પરિવાર''ની અનેકવિધ માનવકલ્યાણની ધર્મ તથા શિક્ષણ આદિ ક્ષેત્રોમાં સતત સેવા. ધન્ય છે આ પુણ્યશાળી પરિવારને.

**આર. સી. ગાંધી - પ્રમુખ**
**સત્પથ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા**